# 70 ટકાથી વધુ સ્ટાર્ટઅપ્સ ફન્ડિંગના અભાવે નિષ્ફળ જાય છે: ગોપાલક્રિશ્નન

મંદાર દવે | અમદાવાદ | ભારતમાં સ્ટાર્ટઅપ્સનો કન્સેપ્ટ હજી ભાંખોડિયા ભરી રહ્યો છે. ફંડિગના અભાવે 70 ટકા સ્ટાર્ટઅપ્સ નિષ્ફળ જઇ રહ્યા હોવાનું ‘દિવ્ય ભાસ્કર સાથેની ખાસ મુલાકાત દરમિયાન ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ક્રિસ ગોપાલક્રિશ્નને જણાવ્યું હતું. દેશના 90 ટકા સ્ટાર્ટઅપ ફંડિગ માટે મિત્રો, ફેમિલિનો સહારો લઈ રહ્યાં છે. સફળતા માટે યોગ્ય ઈકોસિસ્ટમ જરૂરી છે જેના વગર સફળતા મળવી મુશ્કેલ છે.

## વિકસિત દેશોમાં સ્ટાર્ટઅપની સફળતાનું રહસ્ય: મજબૂત રિસ્ક કેપેસિટી

એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ના ઉપક્રમે યોજાયેલી એક સમિટમાં ભાગ લેવા આવેલા ક્રિશ ગોપાલક્રિશ્નન સાથે થયેલી પ્રશ્નોત્તરી...

**સ્ટાર્ટઅપની સફળતાનો બેઝ ક્યો ?**

સ્ટાર્ટઅપની સફળતાનો મુખ્ય આધાર ઈકોસિસ્ટમ પર રહેલો છે. સ્ટાર્ટઅપ જળવાઈ રહે તે માટે ઉચિત વાતાવરણ ઉપરાંત સરકારની અનુકૂળ નીતિઓની જરૂર છે. સ્ટાર્ટઅપમાં વૃદ્ધિને વેગ આપવા ભારત સરકારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી વિવિધ પહેલો શરૂ કરી છે જેનો મહત્મ લાભ ઉભરતા સ્ટાર્ટઅપે લેવો જરૂરી છે.

**સ્ટાર્ટઅપને વેગ માટે મહત્વનું પાસું?**

નવા-નવા વિચારો સ્ટાર્ટઅપને વેગ આપવા માટે જરૂરી છે. પ્રશ્નો અને તેના સોલ્યુશન ત્યારે જ આવે જ્યારે તેનો ઉદ્ભવ થાય આવા સંજોગોમાં સ્ટાર્ટઅપનો પાયો નંખાવો જરૂરી છે. શરૂઆત પૂર્વે યોગ્ય માળખું જરૂરી છે. નવો વિચાર, ઓછી કોસ્ટ સફળતાનું પ્રથમ પગથીયું છે.

**શરૂ કરતા પૂર્વે તેનું કેવું ઘડતર જરૂરી?**

સ્ટાર્ટઅપ્સની કામગીરીનું અભિન્ન અંગ ફંડિગ છે પરંતુ સફળતા માટે આઈડિયા મહત્વનું પાસું છે. સફળ ઉદ્યોગકાર થવા માટે ઉદ્યોગ શરૂ કરતા પૂર્વે તેમની યોજના અને ભવિષ્યની માગ-પુરવઠાનું એનાલિસિસ કરવું જોઈએ, માર્કેટમાં પ્રવેશ પહેલા થોડો સમય આપવો જોઈએ, પ્રવર્તમાન પ્રવાહોનો અભ્યાસ કરવો જોઈએ. પોતાની પ્રોડક્ટની પોઝિશનનું સ્પષ્ટ ચિત્ર હોવું જોઈએ તથા ગ્રાહકોની ઓળખ મેળવવી જોઈએ.

**નવા સ્ટાર્ટઅપ માટે યોગ્ય સમય ક્યો ?**

2008ની વૈશ્વિક કટોકટી બાદ અત્યારે નવા ઉભરતા આંત્રપ્રેન્યોર માટે શ્રેષ્ઠ સમય ગણાય. સ્ટાર્ટઅપ માટે સમય કરતા ક્યું સેક્ટર, ભવિષ્યની ડિમાન્ડને મહત્વ આપવું જરૂરી છે. એટલું જ નહિં પ્લગ એન્ડ પ્લે એનવાયરમેન્ટ જરૂરી છે.

**સ્ટાર્ટઅપમાં NPAનો હિસ્સો કેટલો ?**

દેશમાં સ્ટાર્ટઅપ સેક્ટર બેન્ક દ્વારા ફંડિગ મેળવવામાં ઘણું પાછળ છે. મોટાભાગનું ફંડિગ મિત્રો, સબંધીઓ પાસેથી મેળવે છે. જેના કારણે એનપીએનો સવાલ જ નથી. સાવ નહિંવત્ હિસ્સો રહેલો છે.

### એન્જલ ઇન્વેસ્ટરો ઉત્સાહ દાખવે તે જરૂરી



ભારતમાં સ્ટાર્ટઅપ ફંડિંગ માટે એન્જલ ઈન્વેસ્ટરોનો ઉત્સાહ નહિંવત્ જોવા મળી રહ્યો છે. યુએસ, ચીન તથા અન્ય વિકસીત દેશો સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે એન્જલ ઈન્વેસ્ટરોનો હિસ્સો મોટી માત્રામાં છે. જ્યારે ભારતમાં હિસ્સો સાવ નહિંવત્ છે. જ્યાં સુધી એન્જલ ઈન્વેસ્ટરો સ્ટાર્ટઅપ ફંડિગ માટે આગળ નહિં આવે ત્યાં સુધી ઝડપી વેગ મળે તેમ નથી. સ્ટાર્ટઅપ ફંડિગ માટે એન્જલ ઈન્વેસ્ટર્સ, વેન્ચર કેપિટાલિસ્ટ, બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ, મિત્રો અને પરિવાર, ક્રાઉડફંડિંગ, એસએમઈ ફંડિંગ દ્વારા સહારો લઈ શકાય છે.